**વેટને સ્થાને જી.એસ.ટી.ના અમલવારી તથા પર્સન્ટેજ રેટ (બી-૧) ટેન્ડર ફોર્મના માપદંડોમાં સુધારો થતા બી-૧ અને બી-ર ફોર્મના કલોઝમાં સુધારા બાબત**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ SSR-10-2017-50-C
તા.૨૯/૦૮/૨૦૧૭

**પરિપત્ર**

હાલમાં રાષ્ટ્રીય કક્ષાએ જી.એસ.ટી. બીલને મંજુરી મળેલ છે અને તેની અમલવારી તા.૦૧/૦૭/૨૦૧૭થી કરવામાં આવેલ હોઇ ટેન્ડર પ્રક્રિયાના વિવિધ નાણાંકીય પાસાઓના ઢાંચા ઉપર તેમજ તેને આનુષાંગિક પ્રક્રિયા ઉપર થતી અસરને ધ્યાનમાં લઇ ટેન્ડર માટેના ફોર્મ બી-૧ અને ફોર્મ બી-ર ના કલોઝમાં જરૂરી સુધારા કરવા જરૂરી છે.

વધુમાં પરિપત્ર ક્રમાંકઃTNC-1088-D-347-(7)-C તા.૧૧/૦૭/૨૦૧૭થી રસ્તાના કામો માટે રૂા.૧૨ કરોડ તથા મકાન અને પુલોના કામો માટે રૂા.૧૦ કરોડ સુધીના કામો માટેના ટેન્ડરો પર્સન્ટેજ રેટ (બી-૧) ફોર્મમાં માગવા બાબતનો જરૂરી સુધારો કરવામાં આવેલ હોવાથી ટેન્ડર માટેના ફોર્મ બી-૧ ના કલોઝમાં જરૂરી સુધારા કરવા જરૂરી છે.

ઉપરોકત બંને બાબતોને ધ્યાને લેતા ટેન્ડર માટેના ફોર્મ બી-૧ અને બી-રના કલોઝમાં નીચે મુજબના ફેરફાર કરવાના થાય છે.

| EXISTING CLAUSE | AMENDMENT |
|---|---|
| ફોર્મ બી-૧ કલોઝ-૭૮<br>ફોર્મ બી-ર કલોઝ-૭૭<br>ચૂકવવાના બીલમાંથી જે તે સમયે લાગુ પડતો વેટ, ગુજરાત વેટ અધિનિયમ-2003 મુજબની જોગવાઇ મુજબ ચૂકવણાના સ્થાનેથી કાપવાપાત્ર હશે તો તે કાપવામાં આવશે. હાલની જોગવાઇ મુજબ એક કરોડથી વધારે કિંમતના કરારોના કામોમાં એડવાન્સ વેટ (TDS) કાપવાની જોગવાઇ અમલમાં છે. આ બાબત એટ સોર્સ કાપવાને લગતી હોઇ આ અંગેના કાયદામાં વખતોવખત જે ફેરફારો થશે તે મુજબ ટેકસ કપાત કરવામાં આવશે. ઇજારદારે ભાવો ટેકસ સહિત ભરવાના હોઇ આ ટેકસ કપાત મજરે મળવાપાત્ર નથી. (નાણાં વિભાગના તા.૧/૪/૨૦૦૮ના જાહેર નામા ક્રમાંકઃ (જી.એચ.એન.-૧૪) વેટ-૨૦૦૮-એસ-૫૯-બી (૩) (૧) થ | ફોર્મ બી-૧ કલોઝ-૭૮<br>ફોર્મ બી-ર કલોઝ-૭૭<br>૨૬ |

| EXISTING CLAUSE | AMENDMENT |
|---|---|
| <u>ફોર્મ બી-૧ કલોઝ-૨૪</u><br>Deleted | <u>ફોર્મ બી-૧ કલોઝ-૨૪</u><br>રૂપિયા એક કરોડથી વધુ રકમના વાઇડનીંગ અને સ્ટ્રેન્થીંગના કામોમાં દરેક સ્તરનું કોમ્પેકશન વ્યવસ્થિત રીતે થાય તે માટે નીચેની કાર્યવાહી અનુસરવાની રહેશે.<br>૨૪.૧ રસ્તાની કરવાની પહોળાઇમાં ધારાધોરણ મુજબ કોમ્પેકશન થાય તે માટે બેબી રોલર ફરજીયાત રીતે લાવી કોમ્પેકશન કરવાનું રહેશે.<br>૨૪.૨ આવા કામોમાં દરેક સ્તરનું કોમ્પેકશન ધારાધોરણ મુજબ થયું છે, તેની દરેક લેયરે ફરજીયાતપણે ડેન્સીટોમીટરથી ગ્રીડ પ્રમાણે થયાની ચકાસણી ઇજારદારે કરી તેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. આવી ચકાસણી સંબંધિત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી અને મદદનીશ/અધિક મદદનીશ ઇજનેરશ્રીએ પણ કરવાની રહેશે. ઇજારદારે કરેલ કામની ડેન્સીટી પૂરેપૂરી મળ્યા બાદ જ કિલયરન્સ અપાય અને ત્યારબાદ જ બીજા લેયરની કામગીરી હાથ ધરાય તે જોવાનું રહેશે. ઇજારદારશ્રીને તેમણે કરેલ કામગીરી અંગે જયારે પણ બીલની ચૂકવણી કરવાની થાય ત્યારે ઉપરોકત સૂચવેલ પધ્ધતિ પ્રમાણે તે કામ કરવામાં આવેલ છે કે કેમ? તેની ખરાઇ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી પાસે કરાવ્યા બાદ જ બીલનું ચૂકવણું કરવામાં આવશે.<br>(મા.મ.વિ. પરિપત્ર નં. એસ.એસ.આર.-૧૦-૨૦૦૮-૧૮-સી, તા.૧૩/૧૦/૨૦૦૮) |

ઉપરોકત તમામ સુધારાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(એન.જી. પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો. )
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

પ્રતિ,

૧. અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨. અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રીનું કાર્યાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪. અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રીનું કાર્યાલય, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

૭. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૮. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૯. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ, નિર્માણભવન, ગાંધીનગર

૧૦. મુખ્ય ઇજનેરશ્રી અને ડાયરેકટરશ્રી, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર

૧૧. ડાયરેકટરશ્રી, ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઇન્સ્ટીટયુટ (ગેરી), વડોદરા

૧૨. ઉપસચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી ભવન, ગાંધીનગર

૧૩. નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૪. સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ (રાજય, પંચાયત, ને.હા., પાટનગર યોજના વર્તુળ, વિદ્યુત વર્તુળ સહીત)

૧૫. સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (ઉકત વર્તુળ હેઠળના)

૧૬. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૭. સર્વે તાંત્રિક શાખાઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૮. પ્રમુખશ્રી, ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન, ગજ્જરા હોલ, લો ગાર્ડન, લો કોલેજ રોડ, અમદાવાદ

૧૯. શાખા સીલેકટ ફાઇલ-૨૦૧૭